# <u>તમામ સહકારી બેન્કો / સહકારી સંસ્થાઓ / નાણાંકીય સંસ્થાઓ</u>

**<u>MBA (બેંકીંગ અને ફાઈનાન્સ)ની ડીગ્રી પ્રપ્ત કરવાની આપની બેંકના કર્મચારીઓ માટે સુવર્ણ તક</u>**

સહકારી બેંકના કર્મચારીઓની બૌદ્ધિક ક્ષમતા અને મેનેજીરીયલ નિપુણતા વધારવા પૂરા સમયના અનુસ્નાતક કક્ષાના કોર્સનું આયોજન કરેલું છે. જે સંદર્ભે જુદા–જુદા તજજ્ઞો, કેટલીક અગ્રગણ્ય યુનિવર્સિટીઓના પ્રધ્યાપકો, દેશની કેટલીક યુનિવર્સિટીના MBAના અભ્યાસક્રમનો તલસ્પર્શી અભ્યાસ, દેશ–પરદેશના MBAના કાર્યક્રમનું વિહંગાવલોકન અને ચર્ચા વિચારણાના અંતે ગુજરાત ફેડરેશનના બોર્ડ ઓફ ડાયરેકટર્સે ઐતિહાસિક નિર્ણય કરી MBA IN BANKING & FINANACEનો ડીગ્રી અભ્યાસક્રમ અમલમાં મૂકવા નકકી કર્યું છે અને તે સંદર્ભે તા. ૨૮–૦૫–૨૦૧૬ના રોજ સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સાથે વિધિવત MOU પણ કરવામાં આવ્યા છે.

**<u>F.A.Q.</u>**

(૧) આ અભ્યાસક્રમમાં કોણ એડમિશન લઈ શકશે ?

આ અભ્યાસક્રમ (MBA) માં એડમિશન માટે નીચે મુજબ જરૂરીયાત છે.

– કોઈ પણ કો.ઓ.બેન્કનો કર્મચારી હોવો જોઈએ. <u>અથવા</u>

– કોઈ પણ કો.ઓ.સંસ્થા અથવા FINANCIAL SECTORનો કર્મચારી હોવો જોઈએ.

– કર્મચારી કોઈપણ વિદ્યાશાખાના GRADUATE WITH MINIMUM 50% સાથે પાસ જોઈએ.

(૨) આ અભ્યાસક્રમનો સમય કેવો અને કેટલો છે ?

– આ અભ્યાસક્રમ મહિનાના દરેક **રવિવારે તથા બીજા અને ચોથા શનિવારે સૌરાષ્ટ્ર** યુનિવર્સિટીના MBA ભવનામાં રખાશે અને અથવા ONLINE LESSONS પણ આપી શકશે. તેમજ અનુકૂળ સ્થાનો પર રહેશે.

– આ અભ્યાસક્રમ ૬ (છ) સેમેસ્ટર એટલે કે, ૩ વર્ષમાં વહેચાયેલો રહેશે.

– ટૂંકમાં સહકારી બેંક કે Financial Sector નો કર્મચારી <u>ચાલુ નોકરીએ પોતાની સંસ્થાનું રોજબરોજના કામમાં કોઈ પ્રકારનો વિક્ષેપ</u> કર્યા વગર MBA Degree મેળવી શકશે.

(૩) આ અભ્યાસક્રમમાં પરીક્ષા કઈ રીતે રહેશે ?

- સૌપ્રથમ અભ્યાક્રમમાં દાખલ થતાં પહેલા "ENTRANCE TEST" યુનિવર્સિટીના નિયમ પ્રમાણે લેવામાં આવશે.
- દરેક સેમેસ્ટરના અંતે યુનિવર્સિટી દ્વારા પરીક્ષા લેવાશે અને પરિણામ જાહેર થશે.
- ૬ (છઠ્ઠા)માં સેમેસ્ટરમાં વ્યવસાય/ નોકરીના સ્થળે જ સંશોધન / લેખન કામગીરી
- અંતે સફળ થયેલ વિદ્યાર્થીને સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની MBA (BANKING & FINANACE)ની ડીગ્રી એનાયત કરવામાં આવશે.

(૪) ફી નું માળખું કેવું રહેશે ?

- સામાન્ય રીતે અગ્રગણ્ય યુનિવર્સિટીઓ તથા IIM જેવી સંસ્થામાં ૫ લાખથી ૨૦ લાખ રૂપિયા બે વર્ષ માટે ફી હોય છે.
- ગુજરાતમાં કોઈપણ યુનિવર્સિટીમાં રૂા. ૫૦ હજાર પ્રતિ સેમેસ્ટરથી ઓછી ફી કોઈપણ જગ્યાએ નથી.
- આ અભ્યાસક્રમ સૌરાષ્ટ્ર યુનિવર્સિટી તથા કો.ઓ.બેંક ફેડરેશનના MOU મુજબ થયેલ છે તેથી **પ્રતિ સેમેસ્ટરની ફી રૂા.૧૯૦૦૦/– રહેશે.**

(૫) આ અભ્યાસક્રમમાં સ્કોલરશીપ માટેની જોગવાઈ જણાવશો.

પાછલા બે વર્ષના અનુભવથી જાણવા મળ્યું છે કે, વિદ્યાર્થીઓ જે બેંકમાં નોકરી કરતાં હોય છે, તે બેંકનું મેનેજમેન્ટ ૫૦% થી લઈને ૧૦૦% ફી ની સહાયતા કરતી હોય છે. ઉપરાંત અમુક સંસ્થાનું મેનેજમેન્ટ પરીક્ષાના સમયે સ્પશીયલ રજા પણ આપે છે.

અનુભવે બેંકના મેનેજમેન્ટને પણ આ સ્કીમમાં પોતાના સ્ટાફને ટ્રેઈનીંગ આપવાની તક મળે છે. તેથી જુદી–જુદી બેંકોએ સ્ટાફને QUALIFIED કરવા માટે અનેક પ્રકારની પ્રોત્સાહક સ્કીમો જાહેર કરેલ છે.

---

**ઉપરોક્ત કોર્સમાં એડમીશન લેવા માટે અને વધુ વિગતો માટે સંપર્ક કરો.**
**શ્રી અજયભાઈ વાળા – ૯૯૭૯૩ ૧૦૩૧૩**